યોગ એટલે ભગવાન સાથે જોડાવું, ભગવાન સાથે એક થવું. અને એવો યોગ કરે ત્યારે ખરું જ્ઞાન મળે, ખરો આનંદ પણ મળે અને સાચું કામ પણ કરવાની આવડત આવે.

- અંબાલાલ
પુરાણી

**બાલ દક્ષિણા**
**ઑગસ્ટ ૧૯૫૯-પૃ.૭૩**

**One** must know how to give one's life and also one's death, give one's happiness and also one's suffering, to depend for everything and in all things upon the Divine Dispenser of all our possibilities of realisation, who alone can and will decide whether we shall be happy or not, whether we shall live or not, whether we shall participate or not in the realisation.

In the integrality and absoluteness of this love, this self-giving, lies the essential condition for perfect peace, the indispensable foundation of constant beatitude.

**આપણે** આપણા જીવન અને મૃત્યુનું, સુખનું અને દુ:ખનું સમર્પણ કરવાનું જાણવું જોઈએ; આપણે સર્વ વસ્તુઓ માટે અને સર્વે વસ્તુઓમાં આપણી સર્વ સિદ્ધિઓની શક્તિઓના દિવ્ય દાતા ઉપર આધાર રાખતાં શીખવું જોઈએ, કારણ કે તે એકલો જ નિર્ણય કરી શકે છે અને કરશે કે આપણે સુખી થવાનું છે કે નહિ, જીવવાનું છે કે નહિ, આપણે સાક્ષાત્કારની સિદ્ધિમાં ભાગ લેવાનો છે કે નહિ.

આ પ્રકારના પ્રેમ અને સમર્પણની પૂર્ણતા અને નિર્મળતામાં આપણને સંપૂર્ણ શાંતિ પ્રાપ્ત કરવા માટેની અનિવાર્ય શરતનાં દર્શન થાય છે; અવિરત પરમાનંદ પાયા માટે એ અનિવાર્ય છે.

–The Mother – શ્રી માતાજી

Prayers and Meditations - 6 May, 1927 / પ્રાર્થનાઓ અને ધ્યાન - ૬ મે, ૧૯૨૭

**From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • **January 2020**
**https://themothersprosperity.org**

# Prosperity

**2020**
JANUARY
૧ જાન્યુઆરી, ૨૦૨૦

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**This First Sunbeam... સૂર્યનું આ પ્રથમ કિરણ**
**– પારસમણિની વારતા –**
**– 'યોગ' ની સમજૂતી –**
**Know How to Give... સમર્પણ કરવાનું જાણો**

**In** this calm concentration which comes before day-break, more than at any other moment, my thought rises to Thee, O Lord of our being, in an ardent prayer.

Grant that this day which is about to dawn may bring to the earth and to men a little more of pure light and true peace; may Thy manifestation be more complete and Thy sweet law more widely recognised; may something higher, nobler, more true be revealed to mankind; may a vaster and deeper love spread abroad so that all painful wounds may be healed; and may this first sunbeam dawning upon the earth be the herald of joy and harmony, a symbol of the glorious splendour hidden in the essence of life.

**ઉષાના** ઉદય પૂર્વે, બીજી કોઈ ક્ષણ કરતાં વિશેષ રૂપે, એકાગ્ર ચિંતનની જે સ્વસ્થ શાંતિ છવાઈ રહેતી હોય છે તેમાં મારું ચિત્ત, હે અમારા જીવનસ્વામી, તારા પ્રત્યે આતુર પ્રાર્થનાપૂર્વક ચડે છે.

આ આવી રહેલો દિવસ પૃથ્વીને માટે તથા માનવોને માટે શુદ્ધ પ્રકાશની અને સાચી શાંતિની કાંઈક વધુ પ્રાપ્તિ કરાવી આપો; તારો આવિર્ભાવ વધુ પૂર્ણ બનો અને તારો નિયમ વધુ સમજાઓ; માનવજાતિને એક અધિક ઉચ્ચ, અધિક અભિજાત, અધિક સાચી વસ્તુનાં દર્શન મળો, એક અધિક વિશાળ અને એક અધિક ગહન પ્રેમ જગતમાં છલકાઈ ઊઠો કે જેથી જગતના વેદનાભર્યા ઘા રૂઝાઈ જાય; અને સૂર્યનું આવી રહેલું આ પ્રથમ કિરણ આનંદ અને સંવાદિતાઓનો છડીદાર બની રહો, જીવનના ગર્ભમાં છુપાયેલા ભવ્ય વૈભવનું પ્રતીક બની રહો.

–The Mother – શ્રી માતાજી

Prayers and Meditations - November 28, 1913 / પ્રાર્થનાઓ અને ધ્યાન - નવેમ્બર ૨૮, ૧૯૧૩

# પારસમણિની વારતા

શ્રી કૃષ્ણના પરમ ભક્ત સનાતન ગોસ્વામી ગોકુળની પાસેના વૃંદાવનમાં એકચિત્ત થઈને ભગવાનના નામનો જપ કરતા બેઠા છે. થોડી વાર પછી એક ગરીબ જેવો દેખાતો બ્રાહ્મણ આવ્યો અને તેણે સનાતન ગોસ્વામીને પ્રણામ કર્યા.

ગોસ્વામીએ પૂછયું: ક્યાંથી આવો છો, ભાઈ? તમારું નામ શું ?

આવનારે કહ્યું: આવ્યો છું તો બહુ દૂરથી, અને તે તમારાં દર્શન માટે જ. મારું નામ 'જીવન' અને હું વર્ધમાન જિલ્લાના એક ગામડામાં રહું છું.

ગોસ્વામી: કાંઈ ખાસ કામે મને મળવા આવ્યા છો?

જીવન: સ્વામીજી, મારા જેવો ગરીબ બીજો કોઈ નહિ હોય! મને ગરીબીનું મોટું દુ:ખ છે. જેમ તેમ કરીને મારો ગુજારો કરું છું.

સનાતન ગોસ્વામી: ગરીબાઈ કાંઈ પાપ નથી. ગરીબ માણસ પણ સદાચારી, સંસ્કારી અને પ્રભુ-ભક્ત બની શકે.

જીવન: હું એમ તો શંકર ભગવાનની ભક્તિ કરું છું. અને હું એમની પાસે મારી ગરીબાઈ દૂર કરવા માટે ખરા અંતરથી પ્રાર્થના પણ કરું છું. એટલે તો હું તમારી પાસે આવી શક્યો.

સનાતન ગોસ્વામી: એ કેવી રીતે?

જીવન: એક દિવસ શંકર ભગવાને સ્વપ્નમાં આવીને મને કહ્યું: 'જીવન, તારી મનકામના હું પૂરી કરીશ! જમના નદીના કિનારે સનાતન ગોસ્વામી કરીને એક સાધુ પુરુષ રહે છે તેની પાસે તું જા. એને તારા પિતા તરીકે ગણીને પ્રણામ કરજે. તારી ગરીબાઈ દૂર કરવાનો ઉપાય એની પાસે છે.' આમ કહીને શંકર ભગવાન અંતર્ધાન થઈ ગયા. એટલે તો હું આપની પાસે આવ્યો છું.

સનાતન ગોસ્વામી : એ કેવું વિચિત્ર! મારી પાસે વળી છે શું? જે હતું તે બધું છોડીને હું અહીં ચાલ્યો આવ્યો, અને હવે તો ભિક્ષા માગીને નિર્વાહ કરું છું.

જીવન: એમ કેમ બને? તમારી પાસે તો......

સનાતન ગોસ્વામી: (જીવનને અટકાવીને ) હા, હા, છે, એક ઉપાય છે. એક વાર નદી કિનારે ફરતાં ફરતાં પારસમણિ મને મળી ગયો હતો. કોઈ વાર કોઈને આપવાને કામ લાગશે એમ ધારીને મેં કિનારાની રેતીમાં દાટી દીધો છે. તમે તે લઈ જાઓ. એના સ્પર્શ માત્રથી તમારું બધું દળદર ફીટી જશે.

જીવન તો સનાતન ગોસ્વામીએ બતાવેલી જગોએ ઉતાવળે પહોંચી ગયો. રેતી ખોદી ત્યારે અંદરથી પારસમણિ મળી આવ્યો. જીવન તો ખુશ ખુશ થઈ ગયો. પોતાના હાથ પર બાંધેલાં બે માદળિયાં લોઢાના પતરાનાં હતાં તેમને અડકાડતાં ચકચકતાં સોનાનાં થઈ ગયાં!

જીવન તો વિસ્મય પામીને પછીથી ઊંડા વિચારમાં પડી ગયો.

જમના નદીનો પ્રવાહ તો આનંદભેર વહ્યો જ જાય છે, જીવનને મળેલા પારસમણિનો એને જરાયે ખ્યાલ નથી. અને જીવને સામે કિનારે નજર નાંખી તો ત્યાં સોનાના લાલ ગોળા જેવો સૂરજ અસ્ત પામતો હતો.

જીવન વિચારમાં ઊંડો ઊતરી ગયો અને ઊઠીને સનાતન ગોસ્વામી પાસે પાછો આવ્યો. અને કહ્યું, "સ્વામીજી! જે ધન મેળવીને તમે આ પારસમણિને પણ દૂર મૂકી શક્યા છો તે ધનમાંથી થોડો ભાગ મને આપો." એમ કહીને એણે સનાતન ગોસ્વામીને પ્રણામ કર્યા. અને પારસમણિને નદી કિનારે ફેંકી દીધો.

('ભક્તમાળ' અને ટાગોરના કાવ્યથી સૂચિત)

**- અંબાલાલ પૂરાણી**

**બાલ દક્ષિણા**
**એપ્રિલ ૧૯૫૯-પૃ.૪૩**

# 'યોગ' ની સમજૂતી

તમે ગાડું તો જોયું છે. જ્યારે ગાડાને બળદ જોડવામાં આવે ત્યારે ગાડાનો અને બળદનો 'યોગ' થયો કહેવાય. ગાડીને ઘોડો જોડવામાં આવે ત્યારે ઘોડાનો અને ગાડીનો 'યોગ' થયો કહેવાય.

યોગ એટલે જોડવું, જોડાવું. જોડાવું એટલે એવી રીતે બંધાવું કે પહેલાં જે વસ્તુઓ બે હતી તે એક થઈ જાય. શરૂઆતમાં ગાડું અને બળદ છુટ્ટાં છુટ્ટાં હતાં, પણ બન્નેનો યોગ થયા પછી બન્ને મળીને જ ગાડું ગણાય. અને યોગની ખૂબી એ છે કે ગાડું કે બળદ કે ઘોડો એકબીજાથી છૂટાં હોય ત્યારે ગાડું ચાલે નહિ, ગતિ કરે નહિ, પ્રગતિ કરે નહિ. યોગ થાય, બન્ને જોડાય, ત્યારે કામ થાય છે.

*

બાગમાં તમે એક ફૂલ જુઓ છો ત્યારે તમારી નજર અને ફૂલ મળે છે, એ બેનો યોગ થાય છે. અને ત્યારે તમને 'આ ફૂલ છે' એવું જ્ઞાન થાય છે. એ જ્ઞાન આંખ અને ફૂલનો યોગ થાય છે ત્યારે મળે છે.

*

બે મિત્રો એકબીજાને મળે છે ત્યારે એમને આનંદ થાય છે. એ આનંદ પણ બન્નેના યોગને લઈને, મળવાનું થાય છે તેને લઈને મળે છે. યોગ થાય ત્યારે આનંદ મળે છે.

*

બધી નદીઓ દરિયાને જઈને મળે છે. ત્યાર પછી એમનું પોતાનું નામ રહેતું નથી, એમનું નિશાન પણ જણાતું નથી. દરિયા સાથે નદીઓ એક થઈ જાય છે. એ પણ નદી અને દરિયાનો યોગ થયો ગણાય. યોગમાં એકતા થઈ જાય છે.

*

પણ માણસો જ્યારે યોગ સાધના કરે છે ત્યારે ભગવાન સાથે પોતે જોડાય છે. ત્યાર પછી, બળદના ગાડા પેઠે, માણસ અને ભગવાન એકરૂપ થઈ જાય છે અથવા નદી અને દરિયાના યોગ પેઠે ભગવાન રૂપ બની જાય છે.

ગાડું, બળદ, ઘોડો, ફૂલ, આંખ, નદી, દરિયો બધાં છે જ, એ બધી વસ્તુઓ આપણે જોઈ શકીએ છીએ એવી આપણને ખાતરી છે.

ભગવાન પણ છે જ એવી ખાતરી હોય તે યોગ કરી શકે, કારણકે માણસને માટેનો